QR Code સ્કેન કરીને
સંકલ્પ પત્ર ડાઉનલોડ કરો



# સંકલ્પ પત્ર

## વીસ વર્ષનું અવિરત તપ. કામ કરે છે, કરશે ભાજપ.

## ભરોસો છે....

- 'ગુજરાત યુનિફોર્મ સિવિલ કોડ' નો અમલ કરાશે.
- 'એન્ટિ રેડિકલાઈઝેશન સેલ' બનાવાશે, જે આતંકવાદી સંગઠનોના સ્લીપર સેલને શોધીને હટાવશે.
- જાહેર અને ખાનગી મિલકતોને નુકસાન કરનારા તત્વો પાસેથી જ એનો ખર્ચ વસૂલ કરાશે.
- APMCs, ખેડૂત મંડળીઓ, કોલ્ડ ચેન, વેરહાઉસ મજબૂત બનાવાશે.
- સુજલામ સુફલામ, SAUNI, લિફ્ટ ઈરિગેશન, સૂક્ષ્મ સિંચાઈ, ટપક સિંચાઈનો વિસ્તાર કરાશે.
- આયુષ્માન ભારત કાર્ડની નિઃશુલ્ક ઉપચારની મર્યાદા ₹5 લાખથી વધારીને ₹10 લાખ કરાશે.
- 'મુખ્યમંત્રી ફ્રી ડાયગ્નોસ્ટિક સ્કીમ' આવશે. ગરીબ પરિવારો માટે નિઃશુલ્ક નિદાન લાવશે.
- 3 નવી સિવિલ મેડિસિટી, 2 AIIMS સ્તરની હોસ્પિટલોનું નિર્માણ થશે. વર્તમાન સ્વાસ્થ્ય સુવિધાઓ મજબૂત થશે.
- 'ફેમિલી કાર્ડસ્' બનાવાશે, જેનાથી આખા પરિવારને સરકારી લાભ મેળવવા સરળ બનશે.
- 20 લાખ રોજગારીની તકો ઉભી કરાશે.
- ગ્રીન એનર્જી, સેમિકન્ડક્ટર્સ, ફિનટેક, એરોસ્પેસ ક્ષેત્રમાં IIT સમકક્ષ 4 'ગુજરાત ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી' સ્થાપવામાં આવશે.
- 2036માં ઑલિમ્પિક ગેમ્સની યજમાનીની તૈયારી કરાશે.
- શ્રમિકોને ₹2 લાખ સુધીની ગેરંટી વગરની લોન આપવા શ્રમિક ક્રેડિટ કાર્ડ મળશે.
- ગુજરાતને 1 ટ્રિલિયન ડોલરનું અર્થતંત્ર બનાવાશે.
- ગુજરાતમાં ભારતનો સૌથી લાંબો કોસ્ટલ હાઈ-વે બનશે.
- ગુજરાતમાં ભારતનો પહેલો સમગ્ર ગુજરાતને આવરી લેતો 4-6 લેનનો 'પરિક્રમા પથ' બનશે.
- ગાંધીનગર અને સુરત મેટ્રો સમયસર પૂરી કરાશે તેમજ રાજકોટ અને વડોદરામાં મેટ્રો રેલનું કામ શરુ થશે.
- 'દેવભૂમિ દ્વારકા કોરિડોર' બનાવાશે, જેમાં હશે ભગવાન શ્રી કૃષ્ણની વિશ્વની સૌથી મોટી પ્રતિમા
- પાવાગઢની જેમ અન્ય મંદિરોનો પણ જીર્ણોદ્ધાર થશે
- મહિલાઓ માટે 1 લાખથી વધુ સરકારી નોકરીઓ ઊભી કરાશે.
- અગ્નિવીર તરીકે ભરતી થનારી મહિલાને ₹50,000ની વન ટાઈમ ગ્રાન્ટ અપાશે.
- વ્હાલી દિકરી યોજના અંતર્ગત સહાય વધારીને ₹1.5 લાખ કરવામાં આવશે
- આદિવાસીઓના સામાજિક અને આર્થિક ઉત્કર્ષ માટે 'વનબંધુ કલ્યાણ યોજના 2.0' અંતર્ગત ₹1 લાખ કરોડ ફાળવવામાં આવશે.
- આદિવાસી વિસ્તારોમાં 8 GIDCની સ્થાપના કરાશે.
- 56 ટ્રાઈબલ તાલુકામાં મોબાઈલ વાનથી રાશન વિતરણ થશે.
- દુર્ગમ પહાડી વિસ્તારમાં પણ 100% મોબાઇલ ઇન્ટરનેટ કનેક્ટિવિટી મળશે.
- રબારી, પ્રજાપતિ અને સથવારા સમુદાયોના સર્વાંગી વિકાસ માટે વેલફેર બોર્ડની રચના થશે.
- 'ગુજરાત ગોપાલક વિકાસ નિગમ'નું બજેટ ડબલ થશે અને આહિર સમાજનો પણ સમાવેશ થશે.
- 'વિશ્વકર્મા નિગમ'ની સ્થાપના થશે જેથી સુથાર, લોહાર, કડિયા, કંસારા અને પંચાલ સમુદાયોના વિકાસ પર વધુ ધ્યાન કેન્દ્રિત થાય.
- ગાંધીનગરમાં 'સમરસ સેક્ટર' બનશે અને વિવિધ જ્ઞાતિઓ અને સમુદાયોને જમીન મળશે, જેમાં તેઓ મલ્ટિ પર્પઝ કોમ્યુનિટી હોલ, હોસ્ટેલ અને પરીક્ષાની તૈયારી માટેના સેન્ટર બાંધી શકે.
- એક ટાસ્ક ફોર્સની રચના થશે, જે વક્ફ બોર્ડની સંપત્તિ અને નાણાકીય વ્યવહારોની તપાસ કરશે તેમજ મદરેસાઓના અભ્યાસક્રમનું સર્વેક્ષણ પણ કરશે.

**ભાજપ એટલે ભરોસો**

**કમળનું બટન દબાવીએ ફરી ભરોસાની ભાજપ સરકાર બનાવીએ**

ભારતીય જનતા પાર્ટી, ગુજરાત દ્વારા પ્રકાશિત